**સરકારી સહાયિત બિન સરકારી માધ્યમિક શાળાઓના સંઘ અને વિકલાંગ કર્મચારીઓને વાહન ભથ્થું આપવા બાબત.**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૨૮૦-૧૯૦૪૪-૮૧-ગ,
સચિવાલય, ગાંધીનગર તા. ૨૦મી એપ્રિલ, ૧૯૮૧

વંચાણે લીધા :- ૧. નાણા વિભાગનો તા. ૫-૧-૭૯ નો ઠરાવ ક્રમાંક : એમએસબી-૧૨૭૮/૮૬-જે
૨. નાણા વિભાગનો તા. ૧૦-૧-૮૦ નો ઠરાવ ક્રમાંક : એમએસબી-૧૨૭૯-જી-ઓઆઇ-૧૧૪-જે
૩. શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદનો તા. ૧૬-૧-૮૧ નો પત્ર ક્રમાંક : ૧૫-મગમ ગ્રાન્ટ-વ-૧૦૯૪૬

ઠરાવ :- અંધ અને ખોડખાંપણવાળા વિકલાંગ કર્મચારીઓ કે જેઓ કાયમી જગ્યા ધરાવતા હોય તેવા સરકારી કર્મચારીઓને ફરજ પરની જગ્યાએ જવા આવવા માટે વાહન ભથ્થું મળે છે તે લાભો સરકાર સહાયિત બિન સરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને આપવાનો પ્રશ્ન સરકારની સક્રિય વિચારણા હેઠળ હતો.

૨. પુખ્ત વિચારણાને અંતે આથી સરકારશ્રી ઠરાવે છે કે જે નાણા વિભાગના પ્રસ્તાવનામાં જણાવેલ તા. ૫-૧-૭૯ ના ઠરાવ ક્રમાંક : એસએસબી-૧૨૭૮-૮૬-જે તથા તા. ૧૦-૧-૮૦ ના ઠરાવ ક્રમાંક એમએસબી-૧૨૭૯-જીઓઆઇ-૧૧૪-જેમાં ઠરાવેલ શરતો અને બોલીઓને આધીન રહીને સરકાર માન્ય અને સરકાર દ્વારા સહાયિત બિન સરકારી માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના અંધ-અપંગ (ખોડખાંપણવાળા) વિકલાંગ કર્મચારીઓને કે જેમના પગાર ભથ્થા ઉપર સરકારશ્રી તરફથી ગ્રાન્ટ મળતી હોય તેમને મૂળ પગારના ૧૦ ટકા અને વધુમાં વધુ રૂા. ૫૦/- દર મહિને વાહન ભથ્થું મળવાપાત્ર થશે

૩. આ બાબતમાં સરકારશ્રી તરફથી વખતો વખત જે સુધારા વધારા થશે તે પણ તેઓને આપોઆપ લાગુ પડશે.

૪. આ અંગેનું જે ખરેખર ખર્ચ થાય તેટલી રકમ ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે જે તે સંસ્થાને આપવામાં આવશે પરંતુ મકાન ભાડાની ઇતર ખર્ચની વગેરે ગ્રાન્ટ માટે પે પેકેટ તરીકે ગ્રાન્ટની આ રકમની ગણત્રીમાં લેવાશે નહિ.

૫ આ હુકમોનો અમલ તા. ૧-૪-૮૧ થી કરવાનો રહેશે.

૬. આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ-૧૨૮૦-૧૯૦૪૬-ગ ઉપર નાણા વિભાગની સંમતિ તા. ૪-૪-૮૧ ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

૭. આ અંગેની વિગતવાર સૂચનાઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફથી જે તે સંસ્થાને કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સહી) સુભાષ જે. પટેલ
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ,